# EDIIમાં આજથી બે દિવસીય ‘એમ્પ્રેસારિયો’ સ્ટાર્ટઅપ સમિટ

## ઈનોવેશનને વેન્ચરમાં બદલવા અંગે થશે ચર્ચા

**સિટી રિપોર્ટર | અમદાવાદ**

ઈડીઆઈઆઈ ખાતે આજથી બે દિવસની ‘એમ્પ્રેસારિયો’ સ્ટાર્ટઅપ સમિટ શરૂ થશે. જેમાં ભારતની વિવિધ રિસર્ચ સંસ્થાઓના ઈનોવેશનને વેન્ચરમાં કેવી રીતે બદલી શકાય અથવા તેનો કોમર્શિયલ ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે સ્ટાર્ટઅપ આઈડિયાના સિલેક્શન બાદ તેને પ્રોટોટાઈપમાં બદલવા માટે 40,000 રૂપિયાનું ફંડ અપાશે. એમ્પ્રેસરિયોમાં સ્ટાર્ટઅપમાં રોકાણ માટે, ડેવલપ થઈ રહેલાં અને સ્ટાર્ટઅપના જેમની પાસે આઈડિયા છે તેવી 1350 એન્ટ્રી આવી હતી. રોકાણકારો સ્ટાર્ટઅપમાં ઈનવેસ્ટ કરે તે માટે 110 સ્ટાર્ટઅપનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે. આ ઉપરાંત 140 વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ અંગે તેમને આવેલાં પ્રાથમિક આઈડિયાને રિપ્રેઝન્ટ કરશે.

### ગોપાલક્રિષ્ણન અને સુરેશ પ્રભુનું સેશન

આજે એક્ષીલોર વેન્ચર્સ અને ઈન્ફોસીસના કો-ફાઉન્ડર ગોપાલક્રિષ્ણન વિવિધ સ્ટાર્ટઅપ અને વેન્ચરના વિવિધ પાસા પર વાત કરશે. આ ઉપરાંત કોઈ ઈન્વેસ્ટર અથવા પાર્ટનર સ્ટાર્ટઅપને કઈ રીતે જોવે છે તેની વાત તેઓ કરશે. જ્યારે 11 માર્ચે ભારત સરકારના કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રાલયના મંત્રી સુરેશ પ્રભુ ભારત સરકારના સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ કેવી રીતે દુનિયા બદલશે અને સ્ટાર્ટઅપની તકો અને મુશ્કેલીઓ પર વ્યાખ્યાન આપશે.